# જોઈએ છે-આચાર્ય

ધી સર્વોદય એજ્યુકેશન સોસાયટી સંચાલીત મહારાજા શ્રી મહેન્દ્રસિંહજી સાયન્સ કોલેજ, મોરબી માં ખાલી પડેલ આચાર્યશ્રીની જગ્યા ભરવા માટે સંયુક્ત શિક્ષણ નિયામક શ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશનર શ્રીની કચેરી ગાંધીનગર ના પત્ર ક્રમાંક- કવટ/ISC8/આ.ભરતી/૨૦૨૩/૨૧૬૪૦-૪૧ તા.૨૬-૧૦-૨૦૨૩ થી મંજૂરી મળેલ છે. તેના અનુસંધાને નીચે જણાવેલ જાહેરાત પ્રસિધ્ધ થયાના ૧૫ દિવસમાં નીચેના સરનામે રજી.પો.એ.ડી. દ્વારા રસ ધરાવતા અને નીચે મુજબની લાયકાત ધરાવતા ઉમેદવારોએ અરજી પહોંચતી કરવી.

(૧) યુ.જી.સી. ના નિમણૂક અંગેના રેગ્યુલેશન્સ તા.૧૮/૦૭/૨૦૧૮ તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીતથા સરકારશ્રીના શિક્ષણ વિભાગના વખતોવખતના ઠરાવો મુજબ લાયકાત ધરાવતા હોવા જોઇએ.

(૨) માન્ય યુનિવર્સિટી માંથી અનુસ્નાતક કક્ષા એ ૫૫% તથા Ph.D. ની ડિગ્રી ધરાવતા હોવા જોઇએ.

(૩) માન્ય યુનિવર્સિટી/કોલેજ/રિસર્ચ ઇન્સ્ટીટ્યુટ/હાયર એજ્યુકેશન ઇન્સ્ટીટ્યુટમાં ઓછામાં ઓછો ૧૫ વર્ષનો શિક્ષણ/સંશોધન ક્ષેત્રનો અનુભવ તેમજ વર્તમાન સમયમાં પ્રોફેસર/એસોસિએટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા હોવા જોઇએ.

(૪) પીઅર રિવ્યુડ અથવા યુ.જી.સી. સૂચિબધ્ધ જર્નલમાં ઓછા માં ઓછા ૧૦ રિસર્ચ પબ્લિકેશન હોવા જોઇએ.

(૫) યુ.જી.સી. ના પરિશિષ્ઠ-૨, કોષ્ટક-૨ મુજબ ન્યૂનતમ ૧૧૦ નો રિસર્ચ સ્કોર અને ૬ કેટેગરીમાંથી ઓછા માં ઓછી ત્રણ કેટેગરીમાં રિસર્ચ સ્કોર.

(૬) નોકરી કરતાં ઉમેદવારે પોતાની સંસ્થાનું એન.ઓ.સી. જોડવાનું રહેશે.

(૭) પગાર ધોરણ ગુજરાત સરકારશ્રી તેમજ યુ.જી.સી.ના પ્રવર્તમાન ધારાધોરણ મુજબ રહેશે.

(૮) ઉમેદવારે અરજીનો નમૂનો,સંદર્ભ ઠરાવો અને યુ.જી.સી. રેગ્યુલેશન ૨૦૧૮ કોલેજની વેબસાઇટ www.mmscmorbi.com ઉપર જોઇ લેવા.

(૯) કોલેજમાં ચાલતા ગ્રાન્ટ-ઈન-એઇડ વિષયો પૈકીનાં ઉમેદવારોએ અરજી કરવી.(કોલેજમાં ચાલતા સાયન્સના વિષય કેમેસ્ટ્રી,ફિઝીક્સ,મેથ્સ અનેબાયોલોજી છે)

(૧૦) અધૂરી વિગતો વાળી અરજી ધ્યાને લેવાશે નહીં.

(૧૧) ઉમેદવારે અરજી રજી.પોસ્ટ એ.ડી. થી મોકલવી. પોતાની અરજીમાં નિયત જગ્યાએતાજેતરનો પાસપોર્ટ સાઇઝ નો ફોટો અવશ્ય ચોટાડવો.

(૧૨) અરજી સાથે સ્નાતક,અનુસ્નાતક ની માર્કશીટ તથા પીએચ.ડી. ડીગ્રી પ્રમાણપત્ર સ્વપ્રમાણિત તથા રિસર્ચ એપીઆઇ નું સ્વપ્રમાણિત ગણતરી પત્રક તથા તેના આધારો અને અનુભવનું પ્રમાણપત્ર વગેરેની પ્રમાણિત નકલો નીચે જણાવેલ સરનામે મોકલવાની રહેશે.

(૧૩) અરજી સાથે ઉમેદવારે પોતાના સરનામા વાળા બે કવર (સાઇઝ ૨૮cm x ૧૨cm) ના જોડવા.

**પ્રમુખ શ્રી,**
**ધી સર્વોદય એજ્યુકેશન સોસાયટી,**
**રસીકલાલ શેઠ બોયઝ હાઈસ્કુલ,**
**ટેલિફોન એક્સચેન્જ ની બાજુમાં,**
**મોરબી-૩૬૩૬૪૧**